**હાર્દિક નાયકના પહેલા લગ્ન નિષ્ફળ ગયા બાદ ખેવનાએ દસથી બાર વર્ષ મોટો હોવા છતાં લગ્ન કરી લીધા હતા**

# બે દીકરી સાથે પૂર્ણામાં ઝંપલાવી માતાનો સામૂહિક આપઘાત

**સોમવારે** અલગ અલગ સ્થળેથી બે બાળકીઓના મૃતદેહ મળી આવ્યા બાદ મહિલાનો મૃતદેહ મળી આવ્યો

**ચાર** વર્ષ પહેલાં જ કરેલા પ્રેમલગ્નનો કરૂણ અંજામ, પરિવારના હાર્દિક નાયકની તપાસ હાથ ધરાઈ







**અનાવિલ સમાજમાં ચકચાર**

### હાર્દિક નાયકના ખેવના સાથે બીજા લગ્ન હતા!

હાર્દિક નાયકના પહેલા લગ્ન નિષ્ફળ ગયા બાદ તે સોશિયલ મીડિયા પર ખેવના સાથે સંપર્કમાં આવ્યો હતો. લાંબા સમય સુધી સંપર્કમાં રહ્યા બાદ બંનેને પ્રેમલગ્ન કરી લીધા હતા. ખેવના કરતાં હાર્દિક દસથી બાર વર્ષ મોટો હોવા છતાં પ્રેમ આંધળો હોય છે, એમ ખેવનાએ વય ધ્યાનમાં લીધા વિના જ લગ્ન કરી લીધા હતા. હાર્દિક પહેલાં પેટ્રોલ પંપ નોકરી કરતો હતો, પરંતુ એમ કહેવાય છે કે તેની વર્તણૂંક સારી ન હોવાથી તેને છુટો કરી મુકાયો હતો. એ પછી ડીએમએલટી સુધી ભણેલી અને મૂળ ઓલપાડના વડોદ ગામની ખેવના ટીફીન સર્વિસ ચલાવી ઘર ચલાવતી હતી. એમ છતાં એમ માનવામાં આવે છે કે હાર્દિક નાયક તેના પર ત્રાસ ગુજારતો હતો અને તેને પગલે કંટાળીને ખેવનાએ આત્મહત્યા જેવું પગલું ભર્યું હોવું જોઈએ.

નવસારી : નવસારીની અનાવિલ સમાજની પાંચ વર્ષ પહેલાં જ પ્રેમલગ્ન કરનારી એક પરિણીતાએ તેની બે માસુમ દીકરી સાથે પૂર્ણા નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે.

નવસારીના તીઘરા જમાલપોર ખાતે આવેલી સિલ્વર સ્ટોન સોસાયટીમાં રહેતી 28 વર્ષીય ખેવના નાયક 30 મી ઓગષ્ટે બે માસુમ દીકરીઓ ચાર વર્ષીય દિયા અને અઢી વર્ષની દ્વિજાને ચોકલેટ અપાવવાના બહાને ઘરેથી નીકળી હતી. સોસાયટીના સીસીટીવી કેમેરામાં પણ ખેવના નાયક બંને દીકરી સાથે જોવા મળે છે. જો એ પછી ઘરે પાછી ફરી ન હતી, તેથી મોડી સાંજે તેની નણંદે ભાભી ગુમ થયાની પોલીસને જાણ કરી હતી. જો કે એ બાદ પહેલી સપ્ટેમ્બરે બપોરે વિરાવળ ખાતે પૂર્ણા નદીના કિનારા પાસે મહાનગરપાલિકાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નજીક અઢી વર્ષીય દ્વિજાનો મૃતદેહ મળી આવ્યો હતો. એ જ દિવસે મોડી સાંજે જલાલપોરના સંતોષી માતાના મંદિર નજીકથી પસાર થતી પૂર્ણા નદીના ઓવારા પાસેથી ચાર વર્ષીય દિયાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. એ બાદ મંગળવારે કરાડી ગામ પાસે પસાર થતી પૂર્ણા નદીમાંથી ખેવના દેસાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. આ કરૂણાંતિકાથી નવસારી મહાનગરમાં અરેરાટી મચી ગઈ છે. માતા ખેવના અને તેની બંને દીકરીઓના મૃતદેહ પૂર્ણા નદીમાંથી મળી આવ્યા બાદ એમ માનવામાં આવે છે કે ગઈ 30મી ઓગષ્ટથી ખેવના નાયક તેની બંને દીકરીઓ સાથે ઘરેથી ગુમ થઈ હતી. અગમ્ય કારણોસર ખેવનાએ બંને દીકરી સાથે પૂર્ણા નદીમાં ઝંપલાવી દઈને આત્મહત્યા કરી લીધી હોવાનું માનવામાં આવે છે. પરિવારના હાર્દિક નાયકની તપાસ પણ હાથ ધરાઈ છે. હાલમાં નવસારી રૂરલ અને જલાલપોર પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. મૃતદેહોનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ કરાવી ઘટના પાછળનું રહસ્ય જાણવા માટે પોલીસે કામગીરી હાથ ધરી છે.

### પહેલી દીકરીને જન્મ આપ્યો ત્યારથી જ પતિ દીકરા માટે ત્રાસ આપ્યો હતો

હાર્દિક નાયકના ત્રાસથી કંટાળીને ખેવના નાયકે બે દીકરીઓ સાથે આત્મહત્યા કરી લેવાની ઘટના બાદ તેના પિયરીયાઓએ નવસારી આવી પહોંચીને પોલીસ મથકે હાર્દિક તથા સાસરિયાઓ સામે આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ કરી હોવાનું જાણવા મળે છે. વડોદના વર્ષાબેન દેસાઈએ આપેલી ફરિયાદ મુજબ ખેવનાએ પહેલી દીકરીને જન્મ આપ્યો ત્યારથી જ તેનો પતિ હાર્દિક દીકરો પેદા કરવા અવારનવાર માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપરાંત દારૂ પીને ઝઘડો કરી ગાળાગાળી કરી મારઝૂડ પણ કરતો હતો. હાર્દિક દહેજની માંગણી કરી ખેવના ઉપર માનસિક અને શારીરિક ત્રાસ ગુજારી તેને આત્મહત્યા કરવી પડે એ હદ સુધી દુષ્પ્રેરણા કરતો જેથી ખેવનાએ 30 મીએ પૂર્ણા નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવી દીધું હતું.

# નવસારીના શ્રી ગણેશ યુવક મંડળનો પંડાલમાં ભક્તિની ઝલક સાથે દેશપ્રેમનો સંદેશ

**શ્રી** ગણેશ યુવક મંડળે ગણેશોત્સવમાં 'ભારતીય ઉત્પાદનો ખરીદો' નો પ્રેરણાદાયી સંદેશ આપ્યો

**દેશના** જવાનોનું શૌર્ય, બહાદુરી અને બલિદાનને યાદ કરાવી 'ઓપરેશન સિંદૂર' થીમને સ્થાન આપ્યું




નવસારી : મંગળવાર નવસારી મહાનગરપાલિકા વિસ્તારના ગણેશચોક સ્થિત શ્રી ગણેશ યુવક મંડળે આ વર્ષે ગણેશોત્સવને એક અનોખી ઓળખ આપી છે. પંડાલમાં ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના સાથે "ઓપરેશન સિંદૂર" ની થીમ રજૂ કરવામાં આવી છે, જે દેશના જવાનોનું શૌર્ય, બહાદુરી અને બલિદાનને યાદ કરાવે છે. આ થીમ દ્વારા યુવાનો અને મુલાકાતીઓને દેશપ્રેમ તથા રાષ્ટ્રભક્તિનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.

ગણેશજીની મૂર્તિની આગળ "ભારતીય હો, તો ભારતીય ઉત્પાદનો-પેદાશ ખરીદો" જેવા આત્મનિર્ભર ભારતના સ્લોગન લગાવવામાં આવ્યા છે. આ સંદેશ દ્વારા યુવક મંડળે જનમાનસને સ્વદેશી ઉત્પાદનો-પેદાશોના ઉપયોગ માટે પ્રોત્સાહિત કર્યા છે, જેથી દેશની આર્થિક પ્રગતિમાં સામાન્ય નાગરિકો પણ પોતાનું યોગદાન આપી શકે.

વિશેષરૂપે, પંડાલમાં લોકમાન્ય બાલ ગંગાધર તિલકનો ફોટો મૂકવામાં આવ્યો છે. તિલકજીએ સામાજિક અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહિત કરવા માટે જાહેર ગણેશોત્સવની પરંપરા શરૂ કરી હતી. તેમની યાદ સાથે યુવક મંડળે ગણેશ મંડળોના પ્રારંભકર્તા તથા રાષ્ટ્રજાગૃતિના પ્રણેતા પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પી છે.

ગણેશોત્સવ હંમેશા ભક્તિ સાથે સાથે સામાજિક જાગૃતિનો તહેવાર રહ્યો છે. તેથી આ નવસારીના શ્રી ગણેશ યુવક મંડળનું પંડાલ માત્ર ધાર્મિક ભક્તિ માટેનું કેન્દ્ર નહીં, પરંતુ દેશના ગૌરવ, આત્મનિર્ભર ભારત અને જનજાગૃતિ માટેનો પ્રેરણાદાયી માધ્યમ બની રહ્યો છે.

# લિફ્ટ આપીને કારમાં બેસાડી લોકોને લૂંટી લેતી ગેંગ ઝડપાઇ

**નવસારીમાં** પાંચ જ દિવસ પહેલાં બાઈક ચાલકને કારમાં બેસાડી લૂંટી લેનાર ત્રણને એલસીબીએ ઝડપી વિવિધ ગુનાના ભેદ ઉકેલી કાઢ્યા



નવસારી : પાંચ જ દિવસ પહેલાં કુચેદ નજીક એક બાઈક ચાલકને કારમાં બેસાડી લૂંટી લેવાની ફરિયાદ બાદ નવસારી એલસીબીએ વર્ક આઉટ કરીને કારમાં લીફ્ટ આપીને લોકોને લૂંટી લેતી ત્રણ આરોપીઓને ઝડપી લઈ વિવિધ ગુનાઓ ઉકેલવામાં સફળતા મેળવી છે.

કુચેદ નજીક એક્ટિવા ચાલકને ટક્કર મારીને તેને સારવાર કરાવવાના બહાને કારમાં બેસાડી માર મારી તેની પાસેથી બ્રેસલેટ, ગળાની ચેઈન, વીંટી અને મોબાઈલ મળી લૂંટી લીધો હતો. એ અંગેની ફરિયાદ નોંધાયા બાદ નવસારી એલસીબીના પીઆઈ એસ.વી. આહીર, આર.એસ.ગોહિલ,ડી. એસ રાઠોડ, પીએસઆઈ વાય. જી.ગઢવી.અને એમ.બી.ગામીત તથા ટેક્નિકલ ટીમે ગુનાવાળી જગ્યાએ વિઝીટ કરી સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટલિજન્સથી ગુનો ડિટેક્ટ કરવાનો પ્રયાસ આરંભ્યો હતો, તે દરમિયાન પીઆઈ ડી.એમ. રાઠોડ તથા પો.કો. સંદીપભાઈને બાતમી મળી હતી કે કુચેદની લૂંટના આરોપીએ ઉપયોગમાં લીધેલી ઈન્ડિકા કાર કામરેજના ભૈરવ ગામમાં કાલ ભૈરવ મંદિરના પાર્કિંગમાં છે.

આ બાતમીને પગલે પીઆઈ રાઠોડ, આહીર,ગોહિલ તેમજ એએસઆઈ સુનિલસિંહ, પીસી સંદીપભાઈ, પ્રશાંતકુમાર તથા જયેશભાઈએ ટીમ બનાવી કામરેજ ભૈરવ ગામે જઈને વર્કઆઉટ હાથ ધરી આરોપીઓ મૂળ વિરમગામના વાઘરીવાસ મેલડીમાના મંદિર પાસે સુનિલ ઓગણીયા, મૂળ ગીર કોદીયાનો મહેશ સોલંકી અને રાજુલાના કલ્પેશ મકવાણાને કાર, સોનાના દાગીના, ડીસમીસ, 3 છરા તથા ત્રણ મોબાઈલ જપ્ત કર્યા હતા. એ સાથે જ પૂછપરછ કરતાં કુચેદની લૂંટ સહિત લૂંટ વીથ મર્ડર અને બીજા ગુનાઓ ઉકેલાયા હતા.

# વલસાડમાં એપીએમસીના દુકાનદારોના ભાડા વધારા સામેની અરજી નામંજૂર

**દુકાનદારોએ** નજીવા ભાડાના વધારાના સામાન્ય સભાના ઠરાવ વિરુદ્ધ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં અરજી કરી હતી

### કેરીની મોસમમાં રૂપિયા 20 હજાર સુધી વેપારીઓને આપી દેતા

કેરીની મોસમમાં આ જ દુકાનો તેઓ રૂપિયા 20 હજાર સુધી કેરીના વેપારીઓને આપી દેતા હોવાનું ડિરેક્ટર સમીર મપારા અને રોહિતભાઇ પટેલે જણાવ્યું હતુ. તેમ છતાં તેઓ ભાડું નહીં ભરતાં રૂપિયા 61 લાખથી વધુનું ભાડું હજુ એપીએમસીના ચોપડે બાકી બોલી રહ્યું છે. આ વિવાદ વચ્ચે સોમવારના રોજ નાયબ સચિવ(અપિલ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરનો ચૂકાદો આવી ગયો હતો. જેમાં તેમણે દુકાનદારોની અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. આ હુકમના કારણે હવે દુકાનદારોએ રૂપિયા 10 હજારના વધારા સાથેનું ભાડું ભરવું પડશે.

વલસાડ : વલસાડ એપીએમસીના બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા તેમના દુકાનોના ભાડામાં નજીવો વધારો કર્યો હતો. આ ભાવ વધારાનું કારણ આગળ કરી દુકાનદારો ભાડું ભરતા ન હતા. તેમજ તેમણે આ ભાવ વધારાના સામાન્ય સભાના ઠરાવને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં પડકાર્યો હતો અને તેને રદ કરવા અરજી કરી હતી. જેના પગલે દુકાનદારો અને બોર્ડ ઓફ ડિરેક્ટરો સામસામે આવી ગયા છે. ગાંધીનગર નાયબ સચિવ સામે આ કેસ ચાલ્યો હતો. જેમાં નાયબ સચિવ આર. એચ. દાતણિયાએ દુકાનદારોની અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. જેના કારણે હવે દુકાનદારોએ નવા નક્કી કરેલા ભાવ મુજબ ભાડું ભરવું પડશે.

વલસાડ એપીએમસી શરૂ થઈ ત્યારે 1992ની સાલમાં રૂપિયા 1 પ્રતિ સ્ક્વેર ફુટનું ભાડું હતુ. ત્યારે રૂપિયા 200 થી 250 જેટલું ભાડું થતું હતુ. ત્યારબાદ 20 વર્ષ બાદ એટલે કે વર્ષ 2016 માં એપીએમસીએ આ ભાડું વધારીને રૂપિયા 5 કરી દીધું હતુ. ત્યારે ભાડું રૂપિયા 1 હજારથી રૂપિયા 1250 જેટલું થતું હતુ. ત્યારબાદ ગત વર્ષે એપીએમસી દ્વારા આ ભાડું વધારીને રૂપિયા 10 પ્રતિ સ્ક્વેર ફૂટ કર્યું. ત્યારે આ ભાડું વધીને રૂપિયા 2000 થી રૂપિયા 2500 થયા છે. જેનો દુકાનદારો વિરોધ કરી રહ્યા છે. શહેરની વચ્ચે મોકાની દુકાનમાં આટલા નજીવા ભાડાવધારા સામે તેઓ કોર્ટ (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અપિલ વિભાગ) માં ગયા હતા. જ્યાં તેમનો કેસ ચાલ્યો હતો. એક તરફ દુકાનદારો ભાડા વધારાનો વિરોધ કરતા હતા તો બીજી તરફ કેટલાક દુકાનદારોએ પોતાની દુકાન રૂપિયા 7 થી 8 હજારમાં પેટા ભાડુઆતને આપી દીધી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં ધાર્મિક હર્ષોઉલ્લાસ સાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં ગણેશ વિસર્જન



વલસાડ : વલસાડમાં મંગળવારે ગૌરી ગણેશ દિને ગણપતિ બાપા મોર્યા પુડચા વરસી લવકરિયાના નારા સાથે બંદર રોડ ઉપર ઔરંગા નદી કાંઠે અને વાંકી નદી કાંઠે ગણેશ પ્રતિમાઓનું વિધિ વિધાન સાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં ધાર્મિક હર્ષો ઉલ્લાસ સાથે વિસર્જન કરાયું હતું. જે મોડી રાત સુધી વિસર્જન પ્રક્રિયા ચાલુ રહી હતી. વલસાડમાં 80, રૂરલમાં 35 અને ડુંગરીમાં 21 મળી કુલ 136 જેટલા ગણપતિ પ્રતિમાઓનું વિસર્જન કરાયું હતું. વલસાડના ગણેશ મંડળો દ્વારા અલગ અલગ વેશભૂષામાં ઢોલ નગારા, ડીજે ના તાલ સાથે વિસર્જનયાત્રા રંગે ચંગે ગણપતિ બાપા મોર્યાના નારા સાથે નીકળી આઝાદ ચોક ખાતે આવી પહોચી હતી. અને ઔરંગા કિનારે પહોંચી વિસર્જન કરાયું હતું. કાયદો વ્યવસ્થા જાળવવા વલસાડ પોલીસ મજબૂત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### ધરમપુર તાલુકામાં સાતમાં દિવસે ગણેશજીની નાની મોટી પ્રતિમાનું વિસર્જન



આસીફ શેખ

ધરમપુરઃ ધરમપુર તાલુકામાં મંડળો દ્વારા સાતમાં દિવસે વાજતે ગાજતે ગણેશજીની 20 થી 25 જેટલી પ્રતિમાનું વિસર્જન બામટી માન નદી તથા કરંજવેરીની માન, આંબા તલાટની તાન પાર નદી કિનારે કરવામાં આવ્યું હતું. ધરમપુરનાં ધોબીધોવાણ યુવક મંડળ તથા પોલીસ લાઇન દ્વારા ગણપતિ બાપા મોરિયા આવતાં વર્ષે લવકરીયાનાં નાદ સાથે ગણેશજીની યાત્રા નીકળી હતી. બામટી ગામના સરપંચ વિજય પાનેરિયાએ માન નદી કિનારે વિસર્જન વેળા ફોકસ લાઈટની સુવિધા પુરી પાડી હતી. કાયદો વ્યવસ્થાનાં ભાગરૂપે કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ધરમપુરનાં પીઆઇ નિખિલ ભોયા તથા પીએસઆઇ પ્રજાપતિએ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# રેતીખનન તેમજ ખુંટા ફિશિંગ અંગે માછીમારોએ પાઠવેલું આવેદનપત્ર

**પશ્ચિમ** ભારત માછી સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી માછી લોકાનો સળગતા પ્રશ્નોનું નિરાકરણ માંગ્યું

વલસાડ : વલસાડના કાંઠા વિસ્તારના માછીમારો અનેક સમસ્યાનો સમાનો કરી રહ્યા છે. જેના કારણે તેમની પરિસ્થિતિ કથળી રહી હોય તેમના સંગઠન શ્રી પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘે આજરોજ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ખૂંટા ફિશિંગ અને નદીમાં રેતીખનન અંગેની રજૂઆત કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યું કે, કાંઠા વિસ્તારના માછીમારો અનેક કુદરતી આફતનો સામનો કરી રહ્યા હોવા છતાં તેમને કોઈ વખત વળતર મળ્યું નથી. તેમના વ્યવસાયને ખૂંટા ફિશિંગથી નુકસાન થઈ રહ્યું છે. જેના કારણે એ બંધ થવું જોઈએ. માછીમારો દરિયા કિનારે જ રહે છે, પરંતુ પ્રાંત અધિકારી દ્વારા રહેણાંક વિસ્તારની મોજણી 1995 પછી કરી નથી. જે અંગે પણ પગલાં લેવા તેમણે રજૂઆત કરી હતી. તેમજ વલસાડની કેટલીક નદીમાં ડ્રેજીંગ થઈ રહ્યું છે. રેતીખનન માટે થઈ રહેલા આ ડ્રેજીંગના કારણે દાંતી, કકવાડી, મેથિયા વિગેરે ગામોનું દરિયાઈ ધોવાણ થઈ રહ્યું છે. ત્યારે નદીનું ડ્રેજીંગ અટકાવવા તેમણે રજૂઆત કરી હતી.

# પારડીના બરાઈ ગામમાં ઉધાર નહીં આપતા દુકાનદારના માથામાં ગ્રાહકે કાચની બોટલ ફોડી

**લોહીલુહાણ** હાલતમાં ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડાયો, ગોઇમાના જીગર અને ધ્રુવ વિરુદ્ધ ફરિયાદ

પારડીઃ પારડીના બરઈ ગામે સિગારેટ અને થમ્સઅપ ઉધારમાં આપવાની દુકાનદારે ના પાડતા ગ્રાહક ઉશ્કેરાઈ જઈ કાચની થમ્સઅપની બોટલ દુકાનદારના માથામાં મારી દેતાં પારડી પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

પારડીના બરઈ ગામે પટેલ ફળિયામાં રહેતા અને ગોઈમાં રોડ પર દુકાન ધરાવતા મયુરભાઈ વિનોદભાઈ પટેલ ગત 31 ઓગસ્ટના રોજ દુકાન પર હાજર હતા. તે દરમ્યાન રાત્રિના ગોઈમાં ખાતે રહેતા જીગર ઠાકોરભાઈ પટેલ તથા ધ્રુવ સુરેશભાઈ પટેલ ક્રેટા (નં. DN 09 Q 1569) લઈને આવ્યા હતા અને દુકાનમાંથી બે સિગારેટ, ગુટખા તથા થમ્સઅપની ખરીદી કરી હતી.

આશરે ૧૫ મિનિટ જેટલો સમય દુકાન ઉપર રોકાયા બાદ પૈસા ઉધારીમાં લખી લેજો, તેમ જણાવતાં દુકાનદાર મયુર પટેલે ઉધાર ન રાખવા જણાવી અગાઉના પણ આશરે રૂ.300 બાકી બાબતે કહેતા બોલાચાલી કરી ગાળો આપી ધૃવ પટેલે દુકાનદારને પકડી રાખેલો અને જીગરે દુકાનની સામે રાખેલા કેરેટમાંથી એક કાચની થમસઅપની બોટલ કાઢી માંથાના કપાળના ભાગે મારી દીધી હતી. પરિવારે દોડી આવી તેમને છોડાવ્યા હતા અને ઈજાગ્રસ્તને લોહી લુહાણ હાલતમાં પારડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સમગ્ર મામલે જીગર ઠાકોરભાઈ પટેલ તથા ધ્રુવભાઈ પટેલ વિરુદ્ધ પારડી પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ભીલાડ રેલવે સ્ટેશને અજાણ્યો યુવાન મૃત હાલતમાં મળી આવ્યો

વાપી : વાપી રેલવે પોલીસ સ્ટેશનની હદમાં આવતા ભીલાડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.2 પર એક થાંભલા પાસે રવિવારે સાંજે એક 25 વર્ષીય અજાણ્યો યુવાન બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. તાત્કાલિક 108ને બોલાવતા આ અજાણ્યો યુવાન કુદરતી રીતે મોતને ભેટ્યો હોવાનું જાણવા મળ્યું હતું. મરનાર યુવાન શરીરે મધ્યમ બાંધાનો, રંગે ઘઉંવર્ણનો અને ઉંચાઈ 5-5 ધરાવે છે. જેણે શરીરે કથ્થઈ કલરનું હાફ બાંયનું ટી-શર્ટ અને બ્લ્યુ કલરનું નાઈટ પેન્ટ પહેર્યું છે. તેણે જમણા હાથે કાળા કલરનો દોરો પણ બાંધેલો છે. તેના ચહેરાના ભાગે ડાબી બાજુએ ગાલ તથા નેણ ઉપર જૂનું વાગેલાનું નિશાન પણ છે.






**પ્રકાશ રાણા,** સિપાઈવાડ, એકતા મંડળ, વલસાડ.



**તેજસભાઈ,** ચીમોડીયા નાકા, કૃષ્ણ મહોલ્લો, બીલીમોરા.



**રવીન ભગત,** બાલ ગણેશ મંડળ, પ્રજાપતિ વાડી મરોલી બજાર મરોલી



**જિગ્નેશ શાહ,** શિવ ગણેશ મંડળ, ખાંભલા ઝાપા, વાંસદા.